**<u>અમદાવાદના એડી. ચીફ મેટ્રો.મેજી. (કોર્ટ નં.૧૩) સાહેબની કોર્ટમાં. મુ.અમદાવાદ</u>**

**C.C. No./55015/2022**
**EX.-**

**<u>-:: હુકમ ::-</u>**

(૧) આજરોજ કેસનું રેકર્ડ વંચાણે લેતાં, આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી), ૮૫(૧) , જી.પી.એકટ કલમ ૧૧૦,૧૧૭ મુજબના ગુન્હાઓ અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. હાલના કામે આંક-૧ લગત અગાઉ આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૮૫(૧) , જી.પી.એકટ કલમ ૧૧૦,૧૧૭ મુજબના ગુન્હામાં બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને હાલના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબ ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) હાલના કેસનું રેકર્ડ જોતાં, હાલના આરોપી સામે કરેલ સમન્સ ધ્યાને લેતાં, આરોપી સમન્સમાં જણાવેલ સરનામે મળી આવેલ નથી તથા આસપાસના લોકોને પુછતાં આરોપી કયાં રહેવા ગયેલ છે તે બાબતે કોઈ માહિતી મળેલ નથી. આમ, આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવેલ તેમ નથી. આ કામે શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા એવી રજુઆત કરેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કેસ પેપર્સ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૩) આ તબકકે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૫૮ વંચાણે લેતાં, ફરિયાદ ઉપરથી દાખલ થયેલ હોય તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજીસ્ટ્રેટને ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને કોઈપણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળેલ છે. વિશેષમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો, નિર્દોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બિનતહોમત મુકત કરવામાં આવેલ હોય, તેવી થશે. આમ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૫૮ મુજબ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરી તેમજ આરોપી વિરુધ્ધ મુખ્ય સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ ન હોય, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ ૨૫૮ પ્રમાણે મળેલ સત્તાની રૂએ બંધ કરી, આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી)ના શિક્ષાપાત્ર ગુન્હામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તા. ૧૧ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧-૦૨-૨૦૨૩
સ્થળઃ- અમદાવાદ

(સુનંદા પ્રશાંત દુલેરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
**CODE NO. GJ0887**

**<u>અમદાવાદના એડી. ચીફ મેટ્રો.મેજી. (કોર્ટ નં.૧૩) સાહેબની કોર્ટમાં. મુ.અમદાવાદ</u>**

**C.C. No./ 55015/2022**

**<u>–:: આંક–૧ લગત હુકમ ::–</u>**

આ કેસની હકીકતો વંચાણે લેતાં આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) , જી.પી.એકટની કલમ ૧૧૦, ૧૧૭ મુજબના ગુન્હાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કેસમાં ફરિયાદીની ફરિયાદ તથા તપાસના કાગળો વંચાણે લેતાં એ જણાય છે કે આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ ૮૫(૧) ,જી.પી.એકટની કલમ ૧૧૦, ૧૧૭ મુજબના ગુન્હાના તત્વો આકર્ષાતા નથી. આથી આોરપીને ઘી પ્રોહી એકટની કલમ ૮૫(૧) , જી.પી.એકટની કલમ ૧૧૦, ૧૧૭ મુજબના ગુન્હામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તા. ૧૧ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ સીટીગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧–૦૨–૨૦૨૩
સ્થળઃ– અમદાવાદ

(સુનંદા પ્રશાંત દુલેરા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
**CODE NO. GJ0887**